# સ્માર્ટ સીટી બેહાલ : ફુટપાથ ચિથરેહાલ

## ફેન્સીંગમાં પણ મોટા ગાબડા : દોઢ દાયકામાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથનુ અસ્તિત્વ પણ શોધવા જવુ પડે તેવી સ્થિતિ : ખોદકામ અને માર્ગ વાઇડનીંગની કામગીરીના લીધે ફુટપાથ પર મોટા ગાબડા : વોક વે આસપાસની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં : સેકટરવાસીઓ ત્રાહીમામ

ગાંધીનગર તા ૨૬

શહેરમાં કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી ફુટપાથ ચિથરેહાલ બની છે. છેલ્લા ત્રણ વર્ષથી ફુટપાથની જાળવણીનુ કામ બંધ છે. જયારે પાણી ગટરની લાઈન ઉપરાંત માર્ગ વાઈડનીંગની કામગીરીના લીધે ફુટપાથનુ અસ્તિત્વ જ જાણે ભુસાઈ ગયુ છે. ફુટપાથ જેવી જ દશા વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગની છે. શહેરના ઉભા આડા માર્ગો આસપાસ ફેન્સીંગ તુટેલી હાલતમાં છે. જેના લીધે વન વિસ્તારમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. ગાબડા, ગંદકીથી ઘેરાયેલી ફુટપાથ પર વોકીંગ કરનારાઓ પણ ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. સ્માર્ટ સીટીના માર્ગો પર ઠેર ઠેર જોખમી ભુવા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરમાં રહેણાંક વિસ્તારને અડીને આવેલી વન વિસ્તારની ફેન્સીંગમાં પણ ગાબડા છે. જયારે વોક વે માં પણ ઠેર ઠેર ભંગાણ જોવા મળે છે. આમ નાગરિકો માટે ડગલે ને પગલે જોખમી સ્થિતિ સર્જાતા સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે.







ગાંધીનગર શહેરમાં ફુટપાથ અને ફેન્સીંગમાં મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથનુ અસ્તિત્વ ઘણાં ઠેકાણે શોધવુ પડે તેવી સ્થિતિ છે. વરસાદી દિવસોમાં સ્માર્ટ સીટી ભુવા નગરી તરીકે ઉભરી આવ્યુ છે. શહેરના માર્ગો પર રોજબરોજ નવા ભુવા અસ્તિત્વમાં આવતા આમ નાગરિકોની સલામતી જોખમાઈ છે. જયારે શહેરના રસ્તાઓની જેમ ફુટપાથ ઉપર પણ ઠેર ઠેર ભંગાણ જોવા મળી રહ્યુ છે. કેટલાક ઠેકાણે ફુટપાથ બેસી ગઈ છે. તો કેટલીક જગ્યાએ અમુક ભાગમાં ફુટપાથનુ અસ્તિત્વ જ ભુંસાઈ ગયુ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાએ આવાસ માટેની ડિપોઝીટ પરત કરવા માટે મુદત લંબાવી

## અત્યાર સુધી લાભાર્થી મકાન ન લે અગર ગુડા કક્ષાએથી ફાળવણી રદ કરવામાં આવે તો ૧૫ દિવસ સુધી ડિપોઝીટની રકમ પરત કરવામાં આવતી હતી લાભાર્થીઓની લાગણીને ધ્યાનમાં રાખી ગુડાએ બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય કર્યો મુદત ચાર મહીના કરી દેવાઇ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એમ આઈ જી અને ઈ ડબલ્યુ એસ પ્રકારના આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આ માટે લાભાર્થીઓ ફોર્મ સાથે ડીપોઝીટની રકમ પણ રૂ ૭૫૦૦ આપવાની ફરજિયાત છે જયારે ડીપોઝીટની રકમ પરત આપવાનો સમય અત્યાર સુધી માત્ર ૧૫ દિવસનો હતો જયારે આ મુદતમાં પણ ફેરફાર કરાયો છે. જે વધારીને ચાર મહીના સુધીની કરી દેવામાં આવી છે. લાભાર્થી મકના ન લે અગર ગુડા દ્વારા ફાળવણી રદ કરવામાં આવે તેવા કિસ્સામાં રકમ ચાર મહીનામાં પરત આપવામાં આવશે તે અંગે પણ નિર્ણય લેવાયો છે.

ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે લાભાર્થીઓ આ માટે અરજી સાથે ડિપોઝીટની રકમ પણ જમા કરાવાની હોય છે જેમાં ગુડા કક્ષાએથી ફોર્મની સાથે રૂ ૭૫૦૦ ડીપોઝીટ લેવામાં આવે છે. જયારે લાભાર્થી મકાનનો કબજો ન મેળવે અગર ગુડા કક્ષાએથી આવાસની ફાળવણી રદ કરવામાં આવે તો તેવા કિસ્સામાં લાભાર્થીને માત્ર ૧૫ દિવસમાં જ રકમ પરત કરી દેવાનો નિર્ણય અગાઉ લેવાયો હતો જયારે આજની બોર્ડ બેઠકમાં આ મામલે ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં લાભાર્થીને હવે મકાન ન લે તો ચાર મહીનાના અંતે ડિપોઝીટની રકમ પરત મળશે. જો કે ડ્રો કરવામાં આવ્યા બાદ ડીપોઝીટ પરત મેળવવા માત્ર ૧૫ દિવસનો જ સમય આપવામાં આવતો હતો જયારે આવા કિસ્સામાં રકમ પરત લેવા માટે અરજી ન કરવામાં આવે તો ડિપોઝીટ જપ્ત કરવાની પણ જોગવાઈ રાખવામાં આવી હતી. ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારો માટે અંદાજિત ૫૫૦૦ જેટલા મકાનો બાંધવાનુ આયોજન છે. ત્યારે વિકસિત ટી પી સ્કીમમાં આવાસોની સંખ્યા પણ વધતી જશે. જયારે આ આવાસો માટે લાભાર્થીઓની સંખ્યા પણ વધુ હોય છે. આવા કિસ્સામાં માત્ર ૧૫ દિવસ સુધી જ ડિપોઝીટ પરત કરવાના નિર્ણયના લીધે લાભાર્થીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો હતો અલબત્ત ટુંકા ગાળામાં આ ઘણીવાર ગુડાની કચેરીએ પણ લાભાર્થીઓ આક્રોશ વ્યકત કરતા હતા જેથી આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવે આ મુદતમાં સુધાર કરીને ચાર મહીના સુધીનો સમય લંબાવી દેવાયો છે.

# સંક્રમણ ઘટ્યુ : શહેરમાં કોરોનાના ૫ કેસ ગ્રામ્યમાં ૩ કેસ નોંધાયા

## કલોલમાં બે કેસ; ગાંધીનગર ગ્રામ્યમાં એક કેસ; શહેરમાં સરગાસણમાં બે કેસ, રાંદેસણ, સે. ૧૯ અને ૪ માંથી પણ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યુ છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના માત્ર ૮ કેસ નોંધાયા છે જેમાં શહેરમાં પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યુ છે તેને પગલે તંત્રએ સર્વેલન્સ સઘન કરવા તેમજ વેક્સિનેશન અભિયાનને સઘન કરવા પર ભાર મુક્યો છે.

મહિલા દર્દીઓ અને મોટીવયના દર્દીઓ વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જોકે રિકવરી રેટ સારો હોવા ઉપરાંત હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત્ હોવાથી તંત્રને રાહત જરૂર છે. કોરોનાની ચોથી લ્હેરમાં લક્ષણો હળવા જણાયા હોવાથી તંત્રએ દર્દીઓના હોમ આઈસોલેશનના વિકલ્પને પણ વધુ ગ્રાહ્ય રાખ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭ દર્દી અને શહેરમાં નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા પણ ૯૦ જેટલી હોવાથી પણ તંત્રને રાહત છે. જે પૈકી મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગર ગ્રામ્યમાં એક અને કલોલમાં બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં

# વધતા દબાણ અને આડેધડ વૃક્ષછેદનના મુદ્દા છવાયા

## જિલ્લા સ્વાગતમાં ૩૬ પ્રશ્નો રજુ થયા : અધિકારીઓ હાજરી આપવાનું ટાળતાં કલેક્ટર નારાજ થયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં દબાણ અને આડેધડ વૃક્ષોના કટીંગનો મુદ્દો છવાયેલો રહ્યો હતો.

ગઈકાલે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાયેલ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ૩૬ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જેમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વધતા જતા દબાણોના મુદ્દા વધુ હતા. ગ્રામીણસ્તરે વધતા જતા દબાણોને લઈ પંચાયતને અસરકારક કામગીરી કરવા માટેની સૂચના આપવામાં આવી હતી. ચારેય તાલુકામાં દબાણની સમસ્યા ગંભીર બનીને ઉભરી આવી છે તે સ્પષ્ટ બન્યુ છે.

દબાણને લઈ જિલ્લાતંત્રએ પણ અસરકારક મોનીટરીંગ થાય તે માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# મતદાર તરીકે નોંધણી કરાવવા યુવાનોમાં અદમ્ય ઉત્સાહ દેખાયો

## માત્ર એક જ દિવસમાં ૧,૨૧,૮૭૪ અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૨માં મહત્તમ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા. ૦૧લી ઓક્ટોબર,૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અધતન મતદાર યાદી તૈયાર કરવા માટે ભારતના ચુંટણી પંચના નિર્દેશ મુજબ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરુ કરવામાં આવી છે.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ (જીજીઇ) તા. ૧૨મી ઓગસ્ટથી શરુ કરવામાં આવ્યો છે. જેમાં તા. ૨૧મી અને ૨૮મી ઓગસ્ટ તથા તા. ૦૪થી અને ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૨ના ચાર રવિવાર ખાસ દિવસ તરીકે જાહેર કરી મતદાર યાદીમાં નામ દાખલ કરવા, કમી કરવા કે સુધારો અથવા ફેરફાર કરવા મળેલ અરજીઓનો નિકાલ કરી મતદાર યાદીને અધતન કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત તા. ૨૧/૦૮/૨૦૨૨ના રોજ રાજયભરમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના ૫૧,૭૮૨ બુથ પર બુથ લેવલ ઓફિસર્સ તથા ચુંટણી તંત્રના અધિકારીશ્રીઓ દ્વારા મતદારયાદીમાં નામ નોંધાવવા, કમી કરવા તેમજ સ્થળાંતર/સુધારા માટે ૨,૦૧,૪૮૦ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા.

# ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ૩૬૮ કરોડના ખર્ચને મંજુરી

## ગુડાની બોર્ડ બેઠકમાં ૨૬ ગામોમાં પીવાના પાણી, ગટર વ્યવસ્થાપન ગંદા પાણીના નિકાલ સહીતની સુવિધા પુરી પાડવા માટે બોર્ડ બેઠકમાં ખર્ચને મંજુરી આપવામાં આવી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની આજે બોર્ડ બેઠક યોજવામાં આવી હતી આ બોર્ડ બેઠકમાં ગુડા વિસ્તારના ૨૬ ગામોમાં પીવાના પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થાપન સહીતની સુવિધાઓ પુરી પાડવા માટે રૂ ૩૬૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગામોમાં વિવિધ કામો હાથ ધરવામાં આવશે. જયારે પાણી ગટરની આ કામગીરી સંદર્ભે આગામી પાંચ વર્ષ સુધી પાઈપ લાઈન નેટવર્ક, મશીનરી ઉપરાંત બાંધકામની જાળવણીની જવાબદારી પણ કોન્ટ્રાકટરોની રહેશે તે મુજબનુ આયોજન કરાયુ છે.

ગુડાના ચેરમેન તેમજ અધિકારીઓની હાજરીમાં આજે મળેલી બોર્ડ બેઠકમાં ૨૬ ગામોમાં પાણી ગટર તેમજ આંગણવાડી અને પ્રાથમિક શાળાઓ તેમજ પંચાયત ઘરોના નવિનીકરણ સંદર્ભે વિગતો રજુ કરવામાં આવી હતી. જયારે આ કામગીરીને અનુલક્ષીને રૂ ૩૬૭૭૧.૧૪ લાખના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી હતી. આ કામો હવે તેજ ગતિએ હાથ ધરવામાં આવશે. ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે પણ ગુડા દ્વારા છેલ્લા એક વર્ષથી એજન્સી મારફતે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેમાં ગામોમાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ ખુટતી માળખાગત સવલતો અંગે શું સ્થિતિ છે. તેમજ તેમાં શુ કરી શકાય ઉપરાંત નવેસરથી કામગીરી કરવી પડે તેમ છે કે જરૂરી સુવિધાઓ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. તે માટે આખરી આયોજન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે એજન્સી કક્ષાએથી હાથ ધરાયેલા અભ્યાસના અંતે રીપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમાર્ગને જોડાણ આપવા નાનો પુલ બનાવાનુ આયોજન

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં ટી પી સ્કીમ નં -૫ રાંદેસણ વિસ્તાર અને ટી પી સ્કીમ ૨૫ શાહપુર વિસ્તારમાંથી પસાર થતા સર્વિસ રોડને ગાંધીનગર અમદાવાદના મુખ્યમાર્ગ સાથે જોડાણ આપવા વિવિધ બે ઠેકાણે રૂ ૧૮.૭૫ કરોડના ખર્ચે બે પુલ બાંધવાનો પણ નિર્ણય લેવાયો છે. આ બન્ને સ્થળે નાનો બ્રિજ બાંધવાના આયોજનના અંતે નજીકના સમયમાં સ્થાનિકોને મુખ્ય માર્ગ સાથે જોડાણ મળશે.





વરસાદ ન પડે તો પણ તકલીફ અને બહુ વધુ પડે તો પારાવાર મુશ્કેલીઓની ભરમાર... ઠેર ઠેર પાણી ભરાય, કાદવ-કિચડ થાય અને સાથે જ મચ્છરોનો ઉપદ્રવ વધે. વળી સતત વરસાદ રસ્તા ધોઈ નાંખે અને ભૂવા પડે તે અલગ... ડામરના રોડ વધુ વરસાદથી ધોવાઈ જ જાય, વળી તેના પર સતત વાહનોની અવરજવર રહે તો ખાડા પડતા જાય. ન્યુ ગાંધીનગરના ઘણા બધા માર્ગો વરસાદમાં ધોવાઈ ગયા છે. વાહનચાલકોને ખુબજ તકલીફ પડી રહી છે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના ૪ કેસ નોંધાયા

## કલોલના સઈજમાં ૧૧ માસના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં વધુ ૩ કેસ નોંધાયા : જિલ્લામાં આજ સુધીમાં ૪૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર વધતો જાય છે. જિલ્લામાં આજે વધુ ૪ કેસ સ્વાઈન ફલુના નોંધાયા છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૪૦ થઈ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૪ કેસમાં બે કેસ બાળકોના છે. આમ દર્દીઓના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. મહિલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યુછે પણ જે રીતે સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ પર વિશેષ ભાર મુક્યો છે. જો કોઈ દર્દીમાં સ્વાઈન ફલુના લક્ષણો જણાય તો તાત્કાલિક ટેસ્ટ કરાવવાની સૂચના પણ આપવામાં આવી છે તેમજ સ્વાઈન ફલુથી કેવી રીતે બચી શકાય તે અંગે જન જાગૃત્તિ અભિયાન સઘન રીતે હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ કેસ ગાંધીનગર શહેરમાં અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે.

શહેરમાં આજે નોંધાયેલા ત્રણ કેસમાં એક બાળદર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક દર્દીને સારવાર માટે

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા મોટાભાઈ **કાંતિભાઈ વિઠ્ઠલદાસ પરમાર** (ગામ-બડોલી, હાલ-ગાંધીનગર) તા.૨૨-૮-૨૨ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૮-૦૮-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી રામેશ્વર મંદિર, સેક્ટર -૩/ડી, ગાંધીનગર**

હસમુખભાઈ વિઠ્ઠલદાસ પરમાર (ભાઈ) મો. 94273 85458
રાકેશકુમાર કાંતિભાઈ પરમાર (પુત્ર) મો. 99982 23527
મહેશકુમાર કાંતિભાઈ પરમાર (પુત્ર) મો. 82383 33973

તથા સમસ્ત પરમાર પરિવાર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર
મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર
અવસર લોકશાહીનો
આવી ગયો છે ખાસ ઝુંબેશનો દિવસ
૨૮-૦૮-૨૦૨૨ રવિવાર
સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી આપના મતદાન મથક પર
નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે ઓનલાઇન સુવિધા
વોટર હેલ્પલાઇન એપ | www.nvsp.in
મતદારયાદીમાં નામ નોંધણી અથવા ફેરફાર માટે ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા ખાસ ઝુંબેશના દિવસે આપના મતદાન મથકની મુલાકાત લઈને બી.એલ.ઓ.નો સંપર્ક કરો
જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો. જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરો.
યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.
એક કરતાં વધુ વખત મતદારયાદીમાં નામ નોંધાવવું તે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે.
વધુ માહિતી માટે (આપના વિસ્તારનો STD કોડ) ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો (કચેરી સમય દરમિયાન)
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat | CEOGujarat | gujaratceo
હવે મતદારયાદીમાં આપનો આધાર નંબર લિંક કરાવો



પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com